# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

## ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અંતર્ગત અગત્યના પ્રશ્નો/ જવાબો

**ખાસ નોંધ :- નીચે જણાવેલ પશ્નો અને તેના જવાબો ફકત ઉમેદવારોની સમજ માટે છે. આ બાબતે કોઇ વિવાદ કે મતભેદ માન્ય રહેશે નહી.**

**(૧) કયા કયા સંવર્ગમાં ભરતી થનાર છે?**

**જવાબ:** ભરતી બોર્ડ ધ્વારા નીચે જણાવેલ સંવર્ગમાં ભરતી થનાર છે.

(૧) બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર ( પો.સ.ઇ કેડર )

(૨) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ( લોકરક્ષક કેડર )

(૩) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ( લોકરક્ષક કેડર )

(૪) જેલ સીપોઇ ( લોકરક્ષક કેડર )

(૫) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF) ( લોકરક્ષક કેડર )

**(૨) મહિલાની અલગથી ભરતી થનાર છે?**

**જવાબ:** "ના" મહિલાની સરકારશ્રી ધ્વારા અનામતની જોગવાઇ કરેલ હોવાથી ઉપર જણાવેલ સંવર્ગમાં ભરતી કરવામાં આવનાર છે. ( ફકત એસ.આર.પી.એફ કોન્સ્ટેબલ (SRPF) સંવર્ગમાં મહિલાની ભરતી થનાર નથી. )

**(૩) લોકરક્ષક ભરતી બોર્ડ ધ્વારા કુલ કેટલી જગ્યાઓ ભરવાની થાય છે?**

**જવાબ:** કુલ-૧૨૪૭૨

**(૪) વય મર્યાદા કયા દિવસે ગણવાની રહેશે?**

**જવાબ:** અરજી કરવાનો છેલ્લો દિવસ

**(૫) શૈક્ષણિક લાયકાત કયા દિવસે ગણવી?**

**જવાબ:** અરજી કરવાનો છેલ્લો દિવસ

**(૬) વધારાની લાયકાત જેવી કે રમત-ગમત અંગેના સર્ટીફિકેટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી/નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સર્ટીફિકેટ, NCC "C" સર્ટીફિકેટ અને વિધવા સર્ટીફિકેટ ની લાયકાત કયા દિવસે ગણવી?**

**જવાબ:** અરજી કરવાનો છેલ્લો દિવસ

**(૭) વય મર્યાદા કેટલી હશે?**

**જવાબ:** બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર માટે લઘુતમ-૨૧ વર્ષ મહત્તમ- ૩૫ વર્ષ

લોકરક્ષક કેટર માટે લઘુતમ -૧૮ વર્ષ મહત્તમ- ૩૩વર્ષ

**<u>પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરમાં ઉપલી વય મર્યાદામાં છુટ બાબતે સુચનાઓ:</u>**

- SC, ST, SEBC, EWS ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- તમામ મહિલા ઉમેદવારો ઉપલી વય મર્યાદામાં પાચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- અનામત કક્ષાના મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- રાજય પોલીસ દળમાં કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલ / એ.એસ.આઇ. તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર સંવર્ગમાં ઉપલી વયમાં નિયમ મુજબ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.
- માજી સૈનિકના વખતો વખતના નિયમોનુસાર મળવાપાત્ર છુટ.

**<u>ઉપરોકત તમામ છુટાછાટ બાદ ઉમેદવાર ( માજી સૈનિક સિવાય ) ની ઉંમર ૪૫ (પિસ્તાલીસ) વર્ષથી વધુ ન હોવી જોઇએ</u>.**

**(૮) ભરતી માટે વધારાના ગુણ કયા કયા પ્રમાણપત્રોના આધારે આપવામાં આવનાર છે?**

**જવાબ: (૧)** એન.સી.સી. નું “સી” સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના ૨ (બે) ગુણ આપવામાં આવશે.

**(૨)** રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (અગાઉ રક્ષા શક્તિ યુનિવર્સિટી તરીકે ઓળખાતી) અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (અગાઉ ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી તરીકે ઓળખાતું હતું).દ્વારા આપવામાં આવેલ ૧ (એક) વર્ષ અને તેથી વધુ સમયગાળાની કોઈપણ ડિપ્લોમા/ સ્નાતક ડિગ્રી/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા/ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા ઉમેદવારને નીચે દર્શાવેલ વધારાના ગુણ આપવામાં આવશે.

| **પો.સ.ઇ કેડર** | | **લોકરક્ષક કેડર** | |
|---|---|---|---|
| **૧ વર્ષ** | ૦૫ (પાંચ) ગુણ | **૧ વર્ષ** | ૦૩ (ત્રણ) ગુણ |
| **૨ વર્ષ** | ૦૯ (નવ) ગુણ | **૨ વર્ષ** | ૦૫ (પાંચ) ગુણ |
| **૩ વર્ષ** | ૧૨ (બાર) ગુણ | **૩ વર્ષ** | ૦૮ (આઠ) ગુણ |
| **૪ વર્ષ અને તેથી વધારે** | ૧૫ (પંદર) ગુણ | **૪ વર્ષ અને તેથી વધારે** | ૧૦ (દસ) ગુણ |

- રમત ના ગુણ માટે જાહેરાતમાં જણાવ્યા મુજબ નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર ઉમેદવારોને રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે પો.સ.ઇ. કેડર મા મુખ્ય પરીક્ષામાં મેળવેલ તથા લોકરક્ષક કેડર મા લેખીત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

(વધુ માહીતી માટે વેબ સાઇટ ઉપર જોઇ લેવું)

**(૯) કઇ કઇ રમતોમાં વધારાનાં ગુણ મળે છે?**

**જવાબ:** વેબસાઇટ ઉપર આપેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ નિયમ મુજબ નીચે જણાવેલ રમતોમાં વધારાનાં ગુણ મળવાપાત્ર છે.

| | | | |
|---|---|---|---|
| **1** | Athletic (એથ્લેટીક) ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત | **14** | Cycling (સાયકલીંગ) |
| **2** | Badminton (બેડમિન્ટન) | **15** | Gymnastic (જીમ્નેસ્ટીક) |
| **3** | Basket Ball (બાસ્કેટ બોલ) | **16** | Judo (જુડો) |
| **4** | Cricket (ક્રિકેટ) | **17** | Rifle Shooting (રાઇફલ શૂટીંગ) |
| **5** | Football (ફુટબોલ) | **18** | Kabbadi (કબ્બડી) |
| **6** | Hockey (હોકી) | **19** | Kho-kho (ખોખો) |
| **7** | Swimming (સ્વીમીંગ) | **20** | Archery (તિરંદાજી) |
| **8** | Table Tennis (ટેબલ ટેનીસ) | **21** | Horse Riding (ઘોડેશ્વારી) |
| **9** | Volleyball (વોલીબોલ) | **22** | Gola Fenk (ગોળા ફેંક) |
| **10** | Tennis (ટેનીસ) | **23** | Boat Competition (નૌકા સ્પર્ધા) |
| **11** | Weight Lifting (વેઇટ લીફ્ટીંગ) | **24** | Chess (શતરંજ) |
| **12** | Reselling (રેસલીંગ) | **25** | Handball (હેન્ડબોલ) |
| **13** | Boxing (બોકસીંગ) | | |

✷ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે પો.સ.ઇ. કેડર મા મુખ્ય પરીક્ષામાં મેળવેલ તથા લોકરક્ષક કેડર મા લેખીત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ નિમણુંક સમયે પૂન: લગ્ન કરેલ ન હોવા જોઇએ.

**(૧૦) મહિલાઓ કઇ કઇ જગ્યાઓ માટે અરજી કરી શકશે?**

**જવાબ:** મહિલાઓ એસ.આર.પી.એફ કોન્સ્ટેબલ (SRPF) સિવાય તમામ જગ્યાઓ માટે અરજી કરી શકશે.

**(૧૧) માજી સૈનિક તરીકે અરજી કોણ કરી શકે?**

**જવાબ:** આર્મી / નેવી / એર ફોર્સમાંથી નિયમોનુસાર નિવૃત્ત થયેલ હોય **અથવા** અરજી કરવાની છેલ્લી તારીખ થી એક વર્ષની અંદર નિવૃત થનાર હોય તે જ માજી સૈનિક તરીકે અરજી કરી શકે. BSF/ RPF /પેરામીલેટ્રી ફોર્સના નિવૃત્ત કર્મચારી અરજી કરી શકે નહીં.)

**(૧૨) શારીરીક અપંગતા (ખોડખાપણ) માટે કેટલી જગ્યા અનામત છે?**

**જવાબ:** આ પોલીસ વિભાગની ભરતી હોવાથી કોઇ જગ્યા અનામત નથી.

**(૧૩) CCC કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ ન હોય તો અરજી કરી શકાય?**

**જવાબ:** હા. પરંતુ કોમ્પ્યુટરનું પૂર્વજ્ઞાન હોવુ જરૂરી છે. જે અંગે રાજય સરકારશ્રીએ વખતો-વખત નકકી કર્યા મુજબ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે

**(૧૪) SEBC માટે નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ રજુ કરવાનું છે?**

**જવાબ:** હા, અરજીમાં નોન-ક્રિમિલેયર સર્ટીફિકેટ નંબર / તારીખ લખવી ફરજીયાત છે. અને વેબ સાઇટ પર મૂકેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ SEBC ઉમેદવારો માટે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૪ સુધીનાં સમય ગાળામાં નોન-ક્રિમિલેયર સર્ટીફિકેટ મેળવેલ હોવુ જોઇએ. અન્યથા અનામતના લાભ મળશે નહીં.

**(૧૫) EWS માટે કયુ સર્ટીફિકેટ રજુ કરવાનું છે?**

**જવાબ:** અરજીમાં EWS માટે પાત્રતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને અરજીમાં સર્ટીફિકેટ નંબર / તારીખ લખવી ફરજીયાત છે. અને વેબ સાઇટ પર મૂકેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ EWS ઉમેદવારો માટે તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૪ ની સુધીનાં સમય ગાળાનું પાત્રતા પ્રમાણપત્ર મેળવેલ હોવુ જોઇએ. અન્યથા અનામતના લાભ મળશે નહીં.

**(૧૬) SC/ST/SEBC/EWSના ઉમેદવારોને વધારાના શું લાભ મળી શકે?**

**જવાબ:** નિયમ મુજબ STના ઉમેદવારોને ઉંચાઇમાં લાભ મળશે ( મૂળ ગુજરાતના હોય તેઓને ) જયારે SC/ST/SEBC/EWS કેટેગીરીનાં ઉમેદવારોને ઉંમરનો લાભ મળવાપાત્ર થશે.

**(૧૭) અરજી કયાં સુધી સ્વીકારાશે?**

**જવાબ:** અરજી તા.૩૦/૦૪/૨૦૨૪ ના રોજ રાત્રીના કલાકઃ ૨૩.૫૯ મીનીટ સુધી સ્વીકારવામાં આવશે.

**(૧૮) ફી કેટલી ભરવાની રહેશે?**

**જવાબ:** ફકત જનરલ ઉમેદવારો (પુરૂષ/મહિલા) એ

**પો.સ.ઇ. કેડર માટે રૂ.** ૧૦૦ તથા **બેંકના સર્વિસ ચાર્જીસ**

**લોકરક્ષક કેડર માટે રૂ.** ૧૦૦ તથા **બેંકના સર્વિસ ચાર્જીસ**

બંન્ને (પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર) **રૂ.** ૨૦૦ તથા **બેંકના સર્વિસ ચાર્જીસ**

**(૧૯) અરજી રૂબરૂ, ફેકસ ધ્વારા કે પોસ્ટ ધ્વારા ભરતી બોર્ડને મોકલી શકાશે?**

**જવાબ:** ના, અરજી ફકત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે.

**(૨૦) અરજી માટેની ફી કયાં સુધી અને કયાં ચુકવવી?**

**જવાબ:** અરજી માટેની ફી તા.૦૭/૦૫/૨૦૨૪ (કલાકઃ૨૩.૫૯ સુધી) મા ઓનલાઇન જ ભરવાની રહેશે

**(૨૧) ભરતીને લગતા ઠરાવો / પરીપત્રો જોવા હોય તો કયાં જોવા મળશે?**

**જવાબ:** જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો / પરીપત્રો સરકારશ્રીના ગૃહવિભાગની વેબ સાઇટ **http://home.gujarat.gov.in** ઉપર તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ **http://gad.gujarat.gov.in** ઉપર મૂકેલ છે. જે ભરતીને લગતા હોઇ જોઇ શકાશે.

**(૨૨) પુરૂષ ઉમેદવારો માટે ઉંચાઇ, છાતી કેટલી છે. ?**

જવાબ:

| વર્ગ | ઉંચાઇ (સે.મી.) | છાતી (સે.મી.) | |
|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી* |
| મૂળ ગુજરાતના અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ |

**(૨૩) મહિલા ઉમેદવારો માટે ઉંચાઇ કેટલી છે?**

જવાબ:

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) |
|---|---|
| મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૫ |

**(૨૪) શારીરીક ક્ષમતા કસોટી (દોડ)માં ગુણનું પ્રમાણ કેવી રીતે નકકી કરેલ છે?**

**જવાબ:** દોડના ગુણ ગણવામાં આવશે નહી ફકત ઉત્તીર્ણ થવાનું રહેશે.

**(૨૫) શારીરીક ક્ષમતા કસોટી દરમ્યાન ઉંચાઇ, છાતીની માપણી કરવામાં આવશે?**

**જવાબ:** હા નિયમ મુજબ જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે માપણી કરવામાં આવશે.

**(૨૬) આ ભરતી માટે સૌ પ્રથમ કઇ કસોટી લેવામાં આવશે?**

**જવાબ:** આ ભરતી માટે સૌ પ્રથમ શારીરીક કસોટી જેમા શારીરીક દોડ કસોટી અને શારીરીક માપ કસોટીનો સમાવેશ થાય છે.

**(૨૭) શારીરીક કસોટી બાદ કઇ પરિક્ષા લેવામાં આવશે?**

**જવાબ:** શારીરીક દોડ કસોટી અને શારીરીક માપ કસોટીમાં ઉતીર્ણ થનાર ઉમેદવારોને લેખિત પરિક્ષા/મુખ્ય પરીક્ષામાં બોલાવવામાં આવશે.

**(૨૮) આ પરીક્ષામાં માઇનસ પધ્ધતિ અમલમાં છે?**

**જવાબ:** હા ( વધારે માહિતી માટે વેબ સાઇટ ઉપર આપેલ સુચનાઓ જોવી )

**(૨૯) આ પરીક્ષાનું માધ્યમ કયુ રાખવામાં આવશે?**

**જવાબ:** (૧) પો.સ.ઇ. કેડરમાં પેપર-૧ના પાર્ટ-એ અને પાર્ટ-બી તથા પેપર-૨ના પાર્ટ-એ માં પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે જયારે પેપર-૨ના પાર્ટ-બી માં પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

(૨) લોકરક્ષક કેડરમાં પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે

**(૩૦) આ પરીક્ષામાં કયાં કયાં વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે?**

જવાબ:

**પો.સ.ઇ. કેડર - PAPER-1 :** 200 marks, 3 Hours (180 Minutes)

**_PART-A :**

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | Reasoning and Data Interpretation | 50 |
| 2 | Quantitative Aptitude | 50 |
| **Total** | | **100** |

**PART-B :**

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | The Constitution of India and Public Administration | 25 |
| 2 | History, Geography, Cultural Heritage | 25 |
| 3 | Current Affairs and General Knowledge | 25 |
| 4 | Environment, Science and Tech and Economics | 25 |
| **Total** | | **100** |

**PAPER-2 -** 100 marks, 3 Hours (180 Minutes)

| Sr. | | Mark |
|---|---|---|
| **PART-A (Gujarati Language skill) (ગુજરાતી ભાષા કૌશલ્ય)** | | |
| 1 | Essay (350 Words) | 30 |
| 2 | Precis Writing | 10 |
| 3 | Comprehension | 10 |
| 4 | Report writing | 10 |
| 5 | Letter Writing | 10 |
| **PART-B (English Language skill) (અંગ્રેજી ભાષા કૌશલ્ય)** | | |
| 6 | Precis Writing | 10 |
| 7 | Comprehension | 10 |
| 8 | Translation (From Gujarati ti English) | 10 |
| | **Total** | **100** |

## લોકરક્ષક કેડર Total ( Part A + B ) = 200 MCQ, 200 Marks, 3 Hours (180 Minutes)

**PART-A :**

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | Reasoning and Data Interpretation | 30 |
| 2 | Quantitative Aptitude | 30 |
| 3 | Comprehension in Gujarati language | 20 |
| **Total** | | **80** |

**PART-B :**

| SYLLABUS | | |
|---|---|---|
| **Sr.** | **Topic** | **Mark** |
| 1 | The Constitution of India | 30 |
| 2 | Current Affairs, Science and Technology, General Knowledge | 40 |
| 3 | History, Cultural Heritage and Geography of Gujarat and Bharat | 50 |
| **Total** | | **120** |

**(૩૧) અરજદારે કરેલ અરજીમાં ભુલો સુધારવામાં આવશે કે કેમ?**

**જવાબ:** અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો તે અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

**(૩૨) તમામ સંવર્ગમાં મૌખિક ઇન્ટરવ્યુ રાખેલ છે?**

**જવાબ:** ના

**(૩૩) ઓનલાઇન ફી ભરી છે પરંતુ મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ નથી આવ્યો તો શું કરવુ?**

**જવાબ:** ઓનલાઇન પરીક્ષા ફી ભર્યા બાદ જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે માધ્યમથી ઓનલાઇન ફી ભરેલ હોય તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરી, જે બેન્ક ખાતામાંથી ફી ભરેલ હોય તે ખાતાના એકાઉન્ટ સ્ટેટમેન્ટની ચકાસણી કરી, ફી ભર્યાની ખાતરી કરી લેવાની રહેશે.

**(૩૪) દૈનિક પેપરમાં આવેલ જાહેરાતમાં તમામ વિગતો નથી આપી તો શું કરવુ?**

**જવાબ:** તમામ વિગતો જોવા માટે હાલ પુરતી લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ જાહેરાત સબંધે વિગતવારની સુચનાઓનો અભ્યાસ કરી લેવો અથવા OJAS ની વેબ સાઇટમાં જઇ પોલીસ ભરતી અંગેની સુચનાઓ જોઇ લેવાની રહેશે.

**(૩૫) એક કરતા વધારે અરજી થઇ ગઇ હોય તો શું કરવુ?**

**જવાબ:** એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

**(૩૬) ગ્રાઉન્ડ અને પરીક્ષા કયાં મહીનામાં યોજાશે તારીખ જાહેર કરવી ?**

**જવાબ:** ચોમાસા પછી યોજાવાની સંભાવના છે.

**(૩૭) PSI ની ભરતીમાં ગ્રેજ્યુએશન ના લાસ્ટ સેમમાં હોય તેવા વિધાર્થીઓ** અરજી કરી શકશે.

**જવાબ:** ના.

**(૩૮) પરીક્ષા ઓનલાઇન લેવાની છે કે ઓફલાઇન ?**

**જવાબ:** ઓફલાઇન

**(૩૯) માર્કશીટ સુધારા માટે આપી હોય અને હજુ સુધી ન આવી હોય તો ફોર્મ ભરી શકાય ?**

**જવાબ:** હા

**(૪૦) ૧૨ ની માર્કશીટ મુજબ નામ આપલોડ કરીયે ત્યારે આઈડી કાર્ડ માં નામ અલગ પડી જાય ત્યારે શું કરવું કારણકે માર્કશીટ જુની હોય અને ગેજેટ માં નામ સુધારેલ હોય તો અરજી કયાં નામથી કરવી..**

**જવાબ:** ધોરણ-૧૨ અથવા તેને સમકક્ષ પરીક્ષા પાસની માર્કસીટ મુજબ જ નામ લખવાનું રહેશે.બાકીની વિગત પરીક્ષાના કોલલેટર સમયે જણાવવામાં આવશે.

**(૪૧) વેઈટીંગ લીસ્ટ ની જોગવાઇ કરવામાં આવે.**

**જવાબ:** PSI ની જગ્યા માટે જોગવાઇ છે. લોકરક્ષક કેડરમાં નથી

**(૪૨) ITI ઉપર ૧૨ પાસ કર્યું હોય તો ફોર્મ ભરી શકે. ?**

**જવાબ:** હા, ધોરણ-૧૨ સમકક્ષ ગણાય

**(૪૩) ૧૨ સમકક્ષનું ગ્રેડ સર્ટી અપલોડ કરવું કે ઇકવિલેન્ટ સર્ટી ?**

**જવાબ:** માર્કશીટ અપલોડ કરવી.

**(૪૪) ગ્રેજયુએશન પુર્ણ થયેલ છે. પરંતુ ૨૧ વર્ષ પુરા ન થયા હોય તો ફોર્મ ભરી શકાય ?**

**જવાબ:** PSI માટે ના ભરી શકાય પણ લોકરક્ષક માટે ભરી શકાય

**(૪૫) ટેટું/ છુંદણા હોય તો ફોર્મ ભરી શકાય ?**

**જવાબ:** ફોર્મ ભરી શકાય પરંતુ નિમણુક પુર્વે મેડીકલ પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

**(૪૬) આંખના નંબર હોય તો ફોર્મ ભરી શકાય ?**

**જવાબ:** ફોર્મ ભરી શકાય પરંતુ નિમણુક પુર્વે મેડીકલ પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

**(૪૭) તુટેલા દાંત હોય તો ફોર્મ ભરી શકાય ?**

**જવાબ:** ફોર્મ ભરી શકાય પરંતુ નિમણુક પુર્વે મેડીકલ પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

**(૪૮) અન્ય રાજયોના ઉમેદવારો અનામતનો લાભ મેળવી શકે કે કેમ ?**

જવાબ: ના, અન્ય રાજયોના ઉમેદવારો જનરલ તરીકે ફોર્મ ભરી શકે.

**<u>નોંધ:</u> જો કોઇ ઉમદવારને ખાસ કિસ્સામાં જરૂરીયાત જણાય તો જ રૂબરૂ મુલાકાત માટે નીચેના સરનામે સંપર્ક કરવા જણાવવુ.**

**ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી,**
**બંગલા નંબરઃ ગ-૧૨, સરિત ઉધાનની નજીક**
**સેકટર-૯, ગાંધીનગર પીનઃ ૩૮૨૦૦૭**

# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

## ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અંતર્ગત અગત્યના  પ્રશ્નો/ જવાબો

**ખાસ નોંધ :-** **નીચે જણાવેલ પશ્નો અને તેના જવાબો ફક્ત ઉમેદવારોની સમજ માટે છે. આ બાબતે કોઇ વિવાદ કે મતભેદ માન્ય રહેશે નહી.**

**(૧)** ધોરણ–૧૨ માં બે માર્કશીટ છે તો કઇ માર્શીટ અપલોડ કરવી?

જવાબ– છેલ્લી માર્કશીટ અપલોડ કરવી

**(૨)** પો.સ.ઇ ની અરજી કરવાની હોય તો કઇ માર્કશીટ અપલોડ કરવી

જવાબ ધોરણ–૧૨ ની માર્કશીટ અપલોડ કરવી

**(૩)** ધોરણ–૧૨ ની ડુપ્લીકેટ માર્કશીટ અપલોડ થઈ શકે?

જવાબ માર્કશીટ ખોવાઇ ગઇ હોય અને કાયદેસર ડુપ્લીકેટ માર્કશીટ મેળવેલ હોય તો અપલોડ કરી શકો

**(૪)** અરજી ફોર્મ ભરવામાં ભૂલ થઈ હોય તો ?

જવાબ અરજી કન્ફર્મ ના થઇ હોય તો એડીટ કરી શકાય પણ કન્ફર્મેશન થયા બાદ એડીટ કરી શકતા નથી

**(૫)** અરજી કન્ફર્મ થઇ ગયેલ હોય અને ભુલ સુધારવી હોય તો

જવાબ ફરીથી અરજી કરી શકાય પરંતુ એકથી વધારે અરજી કરેલ હશે તો છેલ્લી કનફર્મ થયેલ અરજી માન્ય ગણાશે

**(૬)** છેલ્લા સેમેસ્ટરમાં પાસ હોય અને આગળના સેમેસ્ટમાં નાપાસ હોય તો.

જવાબ બધા સેમેસ્ટરમાં પાસ હોય તો જ પાસ ગણાય

**(૭)** છેલ્લુ સેમેસ્ટર પહેલા પાસ કરેલ હોય અને આગળના સેમેસ્ટર પછી થી પાસ કરેલ હોય તો કયા વર્ષે પરીક્ષા પાસ થયેલ ગણાય

જવાબ જે વર્ષે બધા જે સેમેસ્ટર પુરા થયેલ હોય તે માર્કશીટમાં યુનિર્વસીટી જે વર્ષ/મહીનો દર્શાવે એ માન્ય ગણાય અને પાસીંગ વર્ષ ગણાય

**(૮)** અરજી કન્ફર્મ થયા પછી બીજું ફોર્મ ભરવું પડે અને જો ફી ભરવાની થતી હોય તો બીજી વાર ફી પણ ભરવી પડે.

જવાબ હા

**(૯)** લગ્ન કરેલ સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં ફોર્મમાં પિતાનું નામ કે પતિનું નામ ?

જવાબ ધોરણ–૧૨ ની માર્કશીટ મા પતિનું નામ હોય તો પતિનું નામ લખવું અને પિતાનું નામ હોય તો પિતાનું નામ લખવું

**(૧૦)** NIOS નું પ્રમાણપત્ર ચાલે કે કેમ ?

જવાબ હા

**(૧૧)** સ્નાતકના છેલ્લા વર્ષની માર્કશીટમાં જે લખેલ હોય (ટકા કે CGPA) તે લખવું અને CGPA માંથી ટકાવારી લખવી અને ટકાવારી કાઢવામાં ભૂલ થાય તો શું?

જવાબ યુનિર્વસીટી કે જે તે સંસ્થા એ માર્કશીટમાં ટકા આગળ કે પાછળ દર્શાવેલ હોય છે. જેમાથી જોઇને લખવા, ટકાવારી કાઢવામાં ભૂલ થાય તો ચીંતા કરવાની જરૂર નથી

**(૧૨)** બે ટ્રાયલ કરેલ હોય તો ?

જવાબ ધોરણ–૧૨ ની છેલ્લી માર્કશીટ અપલોડ કરવી

**(૧૩)** ગુણ પત્રક અપલોડ કરવાનું કે પાસીંગ સર્ટી અપલોડ કરવાનું

જવાબ ધોરણ–૧૨ ની માર્કશીટ અપલોડ કરવી.

**(૧૪)** ધોરણ–૧૨ ની માર્કશીટ અને આધારકાર્ડમાં નામ અલગ છે તો શું ?

જવાબ હાલ ધોરણ–૧૨ ની માર્કશીટ અપલોડ કરવાની છે. પરંતુ ઓળખકાર્ડ અને ધોરણ–૧૨ ની માર્કશીટમાં નામ અલગ હોય તો ઓળખ કાર્ડની સાથે ધોરણ–૧૨ ની માર્કશીટ શારીરીક કસોટી કે પરીક્ષા વખતે સાથે લઇ જવાની રહેશે (કોલલેટરમાં સુચનાઓ આવામાં આવશે)

**(૧૫)** આગળના વર્ષની ATKT હજુ બાકી છે, તો પાસ ન ગણાય.

જવાબ ના

**(૧૬)** ડીપ્લોમાવાળા ઉમેદવારે ફાઈનલ માર્કશીટ અપલોડ કરવાની કે સમકક્ષ પ્રમાણપત્ર.

જવાબ માર્કશીટ અપલોડ કરવી.

**(૧૭)** લગ્ન થયેલ હોય તો પતિનું નામ લખી શકાય ?

જવાબ ધોરણ–૧૨ ની માર્કશીટ મા પતિનું નામ હોય તો પતિનું નામ લખવું અને પિતાનું નામ હોય તો પિતાનું નામ લખવું

**(૧૮)** ધોરણ–૧૨ ની માર્કશીટમાં એક અક્ષરની ભૂલ છે તો શું ?

જવાબ અત્યારે ધોરણ–૧૨ ની માર્કશીટ મુજબ નામ લખવાનું થાય છે. ( દસ્તાવેજ ચકાસણી વખતે જે તે સુધારેલ પુરાવા રજુ કરવાના રહેશે)

**(૧૯)** છૂટાછેડા લીધેલ હોય તો અરજી ફોર્મમાં શું દર્શાવવું ?

જવાબ અરજી ફોર્મમા સેપરેટ બતાવવું

(૨૦) છેલ્લી માર્કશીટમાં બેઠક નંબર (Sheet No.) ન હોય તો એનરોલમેન્ટ નંબર અથવા બીજા જે નંબર આપેલ હોય તે લખવો.

જવાબ કોઇ સંસ્થા છેલ્લી માર્કશીટમાં બેઠક નંબરની જગ્યાએ બીજો કોઇ નંબર લખેલ હોય તો તે નંબર લખવો

(૨૧) લોકરક્ષકવાળા ઉમેદવારોએ શું હોદ્દો બતાવવો

જવાબ અરજી ફોર્મમા કોન્સ્ટેબલ નો હોદો દર્શાવવો

(૨૨) અરજીપત્રમાં હાલ માત્ર પોલીસ દળમાં ફરજ બજાવો છો તેવું કેમ પૂછયું છે ? બીજી નોકરી કરતા હોય તો શું કરવું ?

જવાબ પોલીસ દળ મા જે લોકો નોકરી કરી રહયા છે. તેને પોલીસ સબ ઇન્સ્પેકટરની જગ્યા માટે નિયમોનુસાર ઉંમરમાં છુટ–છાટ મળે છે.જેથી બીજી કોઇ જગ્યાએ નોકરી કરતા હોય તેઓને આવી કોઇ છુટ–છાટ નથી

(૨૩) પોતાની કેટેગરી સિવાય અન્ય કેટેગરીમાં લગ્ન કરેલ હોય તો ફોર્મ કઈ કેટેગરીમાં ભરવું ?

જવાબ આવા કિસ્સામાં તમારી જાતિની કેટેગરી માટે જીલ્લાના જાતિ વિભાગ પાસેથી માહિતી મેળવી લેવી

(૨૪) માર્કશીટી અને એલ.સી. માં અલગ અલગ નામ હોય તો શું કરવું ?

જવાબ માર્કશીટ મુજબ લખવાનું છે.

(૨૫) બિન અનામત વર્ગ એટલે શું

જવાબ આ અંગે વેબસાઇટ ઉપર વિગતવાર મૂકેલ છે જેનો અભ્યાસ કરી લેવો.

**જો કોઇ ઉમદવારને ખાસ કિસ્સામાં જરૂરીયાત જણાય તો જ રૂબરૂ મુલાકાત માટે નીચેના સરનામે સંપર્ક કરવા જણાવવુ.**

**ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી,**
**બંગલા નંબરઃ ગ-૧૨, સરિત ઉધાનની નજીક**
**સેકટર-૯, ગાંધીનગર પીનઃ ૩૮૨૦૦૭**